‘ગાંધી વિચાર મુજબ સ્વાવલંબન અપનાવીશું તો કોરોના જરૂર હારશે’

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિ : ગાંધીજીએ આપેલા આદર્શો અને વિચારો આજે પણ એટલાં જ પ્રસ્તુત

ગાંધીનગર, તા.૧

‘પૂ. બાપુ’ આ શબ્દ સાંભળતા જ ચહેરા સમક્ષ એક આકૃતિ ઉપસી આવે જેમાં એક દુબળું પાતળું શરીર હાથમાં લાકડી અને ગોળ ફ્રેમના ચશ્મા સાથે ખાદીની પોતડીમાં સજ્જ એક વયોવૃધ્ધ ડોસલો ચહેરાં પરથી બોખું હાસ્ય વેરતો હોય, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની તા. ૨જી ઓક્ટોબરે ૧૫૧મી જન્મજયંતિ છે અને ગાંધી અવતરણના ૧૫૦ વર્ષ થઈ ગયા તેમ છતાં ‘ગાંધી વિચાર’ હજુ પણ શાશ્વત છે એટલું જ દિવસેને દિવસે તે વધુ પ્રસ્તુત બનતો જઈ રહ્યો છે. અત્યારે વિશ્વ કોરોના વાયરસ સંક્રમણની મહામારીનો સામનો કરી રહ્યું છે. વિશ્વમાં ચારેકોર ચિંતા અને નિરાશાના વાદળો ઘેરાયેલા જણાઈ રહ્યાં છે. આ વૈશ્વિક સંતાપના માહોલમાં પણ વિચારકોના મતે ‘ગાંધી વિચાર’ એક રાહ ચીંધનાર પ્રકાશ પૂંજ સાબિત થઈ શકે છે તે જાણવા ગાંધીનગર સમાચારે એક વિનમ્ર પ્રયાસ કર્યો છે જે અત્રે પ્રસ્તુત છે.

અહિંસાના ઉપાસક ગાંધીજીના આદર્શો આજના સંદર્ભમાં પથદર્શક બની રહે છે તેમના કાર્યકાળ સમયે ઘણી મહામારીનો ઉપદ્રવ થયો હતો તે સમયે તેમણે લોકમતને એક ચોકકસ દિશામાં વાળવા આંદોલન કર્યું હતું. જેમાં શીતળા અને પ્લેગ જેવી મહામારીના સંકટ સમયે સાવધાની રાખવાનો સંદેશો આપ્યો હતો. છેલ્લે તેમણે જૂનાગઢમાંથી પાકિસ્તાન જવું જોઈએ એ નિવેદન રાજકીય દૃષ્ટિએ અતિ મહત્વપૂર્ણ હતું.

- દોલત ભટ્ટ, વરિષ્ઠ પત્રકાર અને સાહિત્યકાર

પૂ. બાપુ જેમની ૧૫૧મી જન્મજયંતિ આપણે ઉજવીશું આટલા વર્ષો પછી પણ દુનિયામાં એક માત્ર મહાપુરુષ છે જેમણે જે તે સમયે જે વિચારો આપ્યા હતા તેનું ઔચિત્ય તેમની હયાતી કરતાં પણ આજે સવિશેષ અનુભવાઈ રહ્યું છે. વર્તમાનની આ વૈશ્વિક સમસ્યાનો ઉલ્લેખ કરીએ તો કોવિડ-૧૯ મહામારી પછી સમગ્ર વિશ્વની માનવજાત સ્વીકારવા લાગી કે આપણે કુદરતને બહુ જ પરેશાન કરી એટલે આ દિવસો આવ્યા. પૂ. બાપુએ તો તેમનું શાશ્વત ચિંતનરૂપે એક વાક્ય કહ્યું હતું કે ‘માનવની એવી કોઈ જરૂરિયાત નથી જેની પૂર્તતા કુદરત ના કરે.’ પણ આ આપણાં ઉપભોકતાવાદને પોષવા માટે કુદરતનું શોષણ કરવા માંડીશું તો તેના પરિણામ આવા જ હશે.

- મહેન્દ્ર ત્રિવેદી, પૂર્વ ગૃહમંત્રી તથા પૂર્વ અધ્યક્ષ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ

ગાંધીજીએ ગ્રામોદ્યોગને મહત્વ આપવા જણાવ્યું હતું. આપણે જો તે અપનાવ્યું હોત તો આમ શહેરીકરણ વધ્યું ના હોત. મોટા શહેરો દેશનાં ગુમડાં સમાન બની રહ્યા છે. ગાંધીજીના કહ્યા મુજબ ગામડાંને વિકસાવવા જોઈએ અને ‘સર્વનો ઉદય’ કરવો જોઈએ. ગાંધીજી સ્વચ્છતા સાથે સ્વાવલંબનના આગ્રહી હતા તેઓ કહેતા ‘શક્ય હોય તેટલું કામ જાતે કરો’ તેમણે સાદુ જીવન જીવવાનો, જાત મહેનત કરવાનો, બહારનું નહીં ખાવવાનો તેમજ સ્વદેશીને અપનાવવાનો વિચાર આપ્યો હતો. જે આજે પણ ખૂબ જ પ્રસ્તુત છે. મારા મતે જો ગાંધી વિચાર મુજબ સ્વાવલંબન વધશે તો કોરોના જરૂર હારશે.

- ગીરાબેન પટેલ

અકાલ પુરુષ ગાંધી !

હજુ આજેય ગાંધીની પ્રસ્તુતિ વિષે ચર્ચા ચાલે છે. એક ચોકકસ

વર્ગ કહે છે ‘આઝાદી તો મળી ગઈ, હવે ગાંધીની શી જરૂર?’ હા, આપણે ગાંધીને સમજી શકયા નથી. એમને વિશ્વના બીજો દેશો સમજી શકયા છે. એટલે જ તો આજનો દિવસ વિશ્વ તેને અહિંસા દિન તરીકે ઓળખે છે અને ઉજવે છે. ગાંધી અકાલ પુરુષ છે. ગાંધીની ગઈકાલે જેટલી જરૂર હતી એથી યે વધારે આજે જરૂર છે અને હિંસા ત્રસ્ત વિશ્વને આવતીકાલે એની વધારે જરૂર પડવાની છે. ગાંધી સદેહે ભલે ગયા ગાંધી વિચાર શાશ્વત છે અને રહેશે.

- ભાનુપ્રસાદ પુરાણી, સ્થાપક, ગાંધી વિચાર વર્તુળ

પૂ. ગાંધી બાપુને વંદન. રાષ્ટ્રપિતાનું આખું જીવન જ વિચારોની આખી ખાણ સમાન, ખાણ એવી મૂલ્યવાન રત્નોની. આચરણમાં ન આવે - ન હોય એવા વિચારોનું મૂલ્ય કંઈ નહીં તે આપણે સમજીએ છીએ. એમણે પોતાના જીવનમાં વિચારો કાર્ય દ્વારા ઉતાર્યા, પકવ્યા અને પછી લોક હિતાર્થે એને વહેંચ્યા. પ્રથમ તો નિષ્ઠાપૂર્વકની રાષ્ટ્રભક્તિ, દેશના સ્વાતંત્ર્ય માટેની બાંધછોડ વિનાની પ્રબળ ઈચ્છાશક્તિ, છેવાડાના માનવીનો હંમેશ હિત- વિચાર, સાધન શુદ્ધિ, મૂલ્યોનો આગ્રહ, સત્ય, પ્રેમ, અહિંસા, અસહકાર, ટ્રસ્ટી શિપનો સિદ્ધાંત, પાયાની કેળવણી, સ્ત્રી શકિતને પણ સત્યાગ્રહ લડતમાં સામેલ કરવાની પહેલ, નિયમિતતા, શ્રમનો મહિમા, ગ્રામોદ્યોગ, ખૂબ વાંચન - વિચાર - લેખન, વ્યાપક દ્રષ્ટિકોણ, ખુલ્લાપણું -- આવા એમના જીવનના આદર્શો અને વિચારો આજે પણ પ્રસ્તુત છે અને કાયમ રહેવાના. આ તો એક ઝલક માત્ર, બાકી આવા ઘણા આદર્શો - મૂલ્યો એ મહા માનવે આપણને આપ્યા છે. આપણે હવે આ વિચારો મુજબ જીવવાની આજે તાતી જરૂર છે.

- પ્રજ્ઞા પટેલ, નિવૃત્ત માહિતી અધિકારી અને જાણીતા સાહિત્યકાર

ગાંધીજી આજે પણ પ્રસ્તુત છે. છેવાડાના માણસ સુધી સુખાકારી પહોંચાડવાની એમની નેમ, અન્યાય સામે અહિંસક છતાં સાત્ત્વિક પ્રકારની લડત, સાધનશુદ્ધિ સાથે સ્વાશ્રયી બની રહેવાની વાત અને સર્વોપરી તો અભય અને સત્ય ! આ બધું સર્વકાળે અનિવાર્ય બની રહેશે. આજના કોરોના સંદર્ભમાં તો ખાસ, દરિદ્રનારાયણની સેવા કરવાનો આ સમય છે. ગાંધીજીએ રકતપિતિયાઓની સેવાનો યજ્ઞ આરંભેલો એ પણ યાદ રાખીએ.

- હર્ષદ ત્રિવેદી, જાણીતા સાહિત્યકાર



ગાંધીજીના વિચારો પૈકી ઘણા વિચારે આજે પણ પ્રસ્તુત છે જેમ કે કુદરતી સ્ત્રોતો-પાણીનો કરકસરથી ઉપયોગ કરવો. વિદેશીઓના ગુલામ ન બનવું હોય તો આપણા દેશમાં જ બનેલી ચીજવસ્તુઓનો ઉપયોગ કરવો. સાચું બોલવાનો અને સાચું કરવાનો આગ્રહ રાખવો તથા તમામ બાબતોમાં સંપૂર્ણ સ્વચ્છતા- વૈજ્ઞાનિક દૃષ્ટિથી સ્વચ્છતાનો આગ્રહ રાખવો. આ ઉપરાંત જીવદયાને અનુલક્ષીને કોઈ પણ જીવને મારી નાંખવો કે હેરાન કરવો નહી તથા માંસાહાર છોડી શાકાહાર અપનાવવો. રાજકીય ક્ષેત્રે હિંસક તોડફોડ સાથે વિરોધ એ ગાંધી વિચાર સાથે સુસંગત નથી.

- ડો. સોમભાઈ સી. પટેલ, જાણીતા શિક્ષણવિદ્

કોઈ પણ સમયમાં કેટલાંક મૂલ્યો સનાતન રહેવાનાં.

ગાંધીવિચારનું પણ એવું જ છે.એને જોવાનો દૃષ્ટિકોણ બદલવો પડે, સમયને અનુરૂપ. ગાંધી યંત્રના વિરોધી નહોતા યંત્ર પાછળની ઘેલછાના વિરોધી હતા.બાકી કોઈ પણ પરિપ્રેક્ષ્યમાં ગાંધીમૂલ્યો પ્રસ્તુત જ રહેશે. કોવિડ ૧૯ એ સાદગી અને નાનાં ગૃહઉદ્યોગોનું મહત્ત્વ સમજાવ્યું છે. ગાંધીવિચારના પાયામાં સાદગી રહેલી છે જે પણ ગાંધીજીની પ્રસ્તુતતાને સાર્થક કરે છે.

- ધ્વનિલ પારેખ, મદદનીશ અધ્યાપક, સાદરા

ખૂણેખાંચરેથી

- મગફળીની ટેકાના ભાવે ખરીદી માટે જિલ્લાની ચારેય એ.પી.એમ.સી. ખાતે રજીસ્ટ્રેશન ખેડૂતો કરાવી શકે તેવી વ્યવસ્થા જિલ્લાતંત્ર દ્વારા ઉભી કરવામાં આવી છે.
- હેન્ડવોશનો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ કલોલ ખાતે યોજવામાં આવ્યો હોવાનું મહિલા અને બાળ વિકાસ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.
- ૩જી ઓક્ટો.થી બઢતીથી તાલુકા વિકાસ અધિકારીઓની નિમણુંક માટેની ખાતાકીય પરીક્ષાનો આરંભ થઈ રહ્યો છે. રાજ્યમાં ૬૦૦થી વધુ નાયબ ચિટનીસ સંવર્ગના કર્મયોગીઓ આ પરીક્ષા આપનાર છે.
- ગાંધીનગર સહિત ૧૬ જિલ્લા પંચાયતો અને ૨૯ તાલુકા પંચાયતના નવા સીમાંકન અંગેના આખરી આદેશો રાજ્ય ચૂંટણી પંચે જારી કર્યા છે.
- આજે સે. ૬ માં વિકાસ સ્ટેશનર્સ દ્વારા વધુ એક વખત ગાંધી જયંતિને લઈ ખાસ પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગાંધીનગરમાં મહિલા ઉત્કર્ષ યોજના અન્વયે શહેરની ૧૨ જેટલી બેન્કો અને ૫૫ થી વધુ સખી મંડળો વચ્ચે એમ.ઓ.યુ. સાઈન થઈ ગયા છે.

દર છ મહિને ફાયર સેફ્ટી એન.ઓ.સી. રિન્યુઅલ ફરજિયાત

રાજ્યમાં ફાયર સેફ્ટીના કડક અમલથી લોકોના જાન-માલ-મિલ્કતને આગથી સંરક્ષણ આપવાના હેતુથી નિર્ણય

રાજ્યમાં ફાયર સેફ્ટીના કડક અમલથી લોકોના જાન-માલ-મિલ્કતને આગથી સંરક્ષણ આપવા માટે ગુજરાત સરકાર દ્વારા મહત્વની જાહેરાત કરાઈ છે. આ જાહેરાત મુજબ, રાજ્યમાં દરેક હાઈરાઈઝ બિલ્ડિંગ, ઉંચા મકાનો, વાણિજ્યક સંકુલ, સ્કૂલ, કોલેજ-હોસ્પિટલ્સ, ઔદ્યોગિક એકમો માટે ફાયર સેફ્ટી એનઓસી મેળવવાનું અને દર છ મહિને તેનું રિન્યુઅલ ફરજિયાત કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારના આ નિર્ણયથી સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, ફાયર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્ર સહિતના યુવા એન્જિનિયર્સને સ્વરોજગારીની નવી તકો મળતી થશે. તેમજ શહેરીકરણના વધતા વ્યાપ સામે આવા ફાયર સેફ્ટી ઓફિસરની સેવાઓ વ્યાપક સ્તરે મળતી થવાથી એનઓસી મેળવવાનું અને રિન્યુએબલ પણ સરળતાથી થઈ શકશે. બિલ્ડિંગના પ્રકાર અને ઉપયોગના આધારે ફાયર સેફ્ટીને લગતી તમામ પ્રકારની તાલીમ માટે રાજ્ય સરકાર ઓફલાઈન અને ઓનલાઈન સર્ટિફિકેટ તાલીમ મોડ્યુલ વિકસાવશે. રાજ્યમાં આવેલા અંદાજે ૫ લાખથી વધુ મકાનો, વાણિજ્યિક સંકુલ, શાળા-કોલેજો, હોસ્પિટલ, ઔદ્યોગિક એકમોને રાજ્ય સરકારના આ નિર્ણયથી એનઓસી મેળવવાનું અને દર છ માસે રિન્યુઅલ કરાવવાનું ખૂબ જ સરળ બનશે. મિલકત માલિકો-કબજેદારો પોતાની પસંદગી મૂજબના ફાયર સેફ્ટી અધિકારીની સેવાઓ મેળવી શકશે.



દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દિવાનાપણું, વ્યભિચાર, જુગાર વગેરે આવે છે. જો આપણે દારૂની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને એક જેલમાંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. દારૂડિયાથી સંયમ ન જાળવી શકાય એ કોનાથી અજાણ્યું છે ? એટલે મારી ઉમેદ છે કે વિવેકથી, પશુબળ વાપર્યા સિવાય, સમજણથી ‘દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયત્ન દરેક માણસ કરે’

-મહાત્મા ગાંધી

નશાબંધી અને આબકારી ખાતું, ગુજરાત રાજ્ય

તા.૦૨-૧૦-૨૦૨૦ થી તા.૦૮-૧૦-૨૦૨૦ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સંદેશો

સંદેશ

मुझे यह जानकर बहुत प्रसन्नता हो रही है कि हर वर्ष की भांति इस वर्ष भी राष्ट्रपिता महात्मा गांधीजी की जन्म जयंती २ अक्टूबर से ८ अक्टूबर तक समग्र गुजरात में "नशाबन्दी सप्ताह" मनाया जाएगा।

सत्य और अहिंसा के महान दूत महात्मा गांधीजी नशाबन्दी के प्रबल समर्थक रहे। उनका मानना था कि ईमानदारी और निष्ठापूर्वक नशाबन्दी का अनुपालन समग्र समाज के गरीब और कमजोर वर्गो के जीवन को उज्जवल और बेहतर बनाने में कारगर साबित हो सकता है। गुजरात में तो यह और भी महत्वपूर्ण इसलिए है कि गुजरात समग्र नशाबन्दी का पालन करता है।

समाज में बढ़ते मादक पदार्थों की आदतें युवावर्ग से लेकर आम नागरिकों तक को अपने शिकंजे में ले रही हैं। इससे होने वाले घातक दुष्परिणामों से सभी को अवगत करवाना और समाज को जागरुक करना अनिवार्य है । नशीले पदार्थों की रोकथाम और इसके घातक प्रभावों से समाज को बचाने के लिए जागरुकता आन्दोलन खड़ा करने की नितांत आवश्यकता है।

गुजरात में सम्पूर्ण नशाबन्दी है और इसे सर्वस्वीकार्यता से लागू करने की जिम्मेदारी सरकार के साथ साथ सभी जिम्मेदार नागरिकों की भी है।

गुजरात राज्य में शांति और विकास नशामुक्ति के आभारी है और गुजरातवासियों के नशामुक्त समाज की परिकल्पना की में सराहना करता हूं। राज्य में नशाबन्दी की सख्त अनुपालना के कारण ही आज गुजरात शांत, खुशहाल और सुरक्षित राज्य बना है।

मुझे सम्पूर्ण विश्वास है कि राज्य सरकार द्वारा प्रेरित यह 'नशाबन्दी सप्ताह' इस क्षेत्र में कार्यरत गैर सरकारी संगठन जनता के साथ मिलकर नशाबन्दी को सही अर्थों में सार्थक करेंगे। यही राष्ट्रपिता महात्मा गांधीजी को हमारी सच्ची श्रद्धांजलि होगी।

आईये! हम नशामुक्त और स्वस्थ समाज के निर्माण के लिए उठाए जाने वाले हर कदम का समर्थन और पालन कर समाज में जागरुक्ता की मिसाल प्रस्तुत करें। सम्पूर्ण नशामुक्त गुजरात के स्वप्न को साकार करने में अपना योगदान दें।

(आचार्य देवव्रत)
राज्यपाल, गुजरात राज्य

“આપીએ વ્યસનને મુક્તિ, જીવનમાં લાવીએ ઉન્નતિ”

જીવનમાં આવતા સંઘર્ષ, દુઃખ, કલેશથી બચવા માટે માણસો મોટા ભાગે વ્યસનનો આશરો લેતા હોય છે. વ્યસનનાં નશામાં ડૂબી જઇ ઘડીભર માણસ તેના દુઃખને ભૂલી જવા મથે છે. કેટલાક લોકો બે ઘડી આનંદ લૂંટવા માટે પણ વ્યસન કરે છે. વ્યસન વધારે તો દુઃખ આપનાર અને સુખ ઝૂંટવી લેનાર નશો છે. તેની આદતથી તન-મન-ધનના વ્યય સિવાય કાંઈ પ્રાપ્ત થતું નથી. વ્યસન એ માણસ માટે કલંકરૂપ બાબત ગણાય. આજનું યુવાધન આ વ્યસનરૂપી રાક્ષસના સકંજામાં ન સપડાય તેના માટે સઘન પ્રયાસો આવશ્યક અને અનિવાર્ય છે.

નશાબંધી અને આબકારી ખાતા દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ **તા.૨ થી ૮ ઓક્ટોબર-૨૦૨૦ દરમિયાન “નશાબંધી સપ્તાહની” ઉજવણીનું** આયોજન આવકારદાયી છે. વ્યક્તિથી માંડીને સમસ્ત સમાજ નિર્વ્યસની બને એ દિશામાં વ્યક્તિગત, સંસ્થાઓ અને સરકાર દ્વારા પણ અનેકવિધ પ્રવૃત્તિઓ થતી રહે છે. તંદુરસ્ત સમાજના નિર્માણના ભાગરૂપે આયોજિત નશાબંધી સપ્તાહની ઉજવણીની બહોળી સફળતા માટે શુભેચ્છા સહ આ કાર્યક્રમમાં સહયોગી સર્વેને અભિનંદન પાઠવું છું.

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

નશાબંધી અને આબકારી ખાતા, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા **તા.૦૨.૧૦.૨૦૨૦ થી તા.૦૮.૧૦.૨૦૨૦ દરમ્યાન નશાબંધી સપ્તાહની ઉજવણી** કરવામાં આવનાર છે, તે જાણી આનંદ થયો.

નશાબંધી દ્વારા સ્વસ્થ સમાજ અને સમૃદ્ધ રાજ્યના સ્વપ્નને સાકાર કરવાના પ્રયાસરૂપે ઉજવવામાં આવતાં નશાબંધી સપ્તાહની સફળતા માટે નશાબંધી અને આબકારી ખાતાને શુભેચ્છા સહ આ પ્રસંગે નશાબંધી અને આબકારી ખાતાને શુભકામના અને અભિનંદન પાઠવું છું.

નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

દર વર્ષની જેમ આ વર્ષે પણ **તા.૦૨.૧૦.૨૦૨૦ થી ૦૮.૧૦.૨૦૨૦ દરમિયાન નશાબંધી અને આબકારી ખાતા દ્વારા નશાબંધી સપ્તાહની ઉજવણી** થઈ રહેલ છે એ અંગે આપ સૌ સુવિદિત છો જ.

ગુજરાતમાં રાજ્યના સ્થાપના દિનથી આજ પર્યંત સુધી ચુસ્તપણે નશાબંધીનો અમલ થઈ રહેલ છે જેનો મને આનંદ અને ગર્વ છે. સુખી સંપન્ન કુટુંબો પણ પાયમાલ કરનાર શરાબ અને માદક દ્રવ્યોનું સેવન રાજ્યની સાડા છ કરોડ ગુજરાતીઓના ગુજરાતની વિકાસની ગતિનો અવરોધક છે. હું ચોક્કસપણે માનું છું કે, ગુજરાતના લાખો કુટુંબોની ખુશહાલી અને રાજ્યના વિકાસનો મૂળભૂત આધાર ગુજરાત રાજ્ય દ્વારા ચુસ્તપણે અમલ કરવામાં આવતી નશાબંધીની નીતિ છે અને આ માટે સંબંધિત કાયદામાં સજાની પણ કડક જોગવાઈ કરવામાં આવી છે.

નશાબંધી સપ્તાહની ઉજવણીના આ તબક્કે હું નશાબંધી ખાતાના તમામ અધિકારી-કર્મચારીઓ તેમજ નશાબંધી અંગેની જાગૃતિ માટે કાર્ય કરતી રાજ્યની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓને અભિનંદન તેમજ નશાબંધી સપ્તાહની સફળતા માટેની શુભેચ્છા પાઠવું છું અને આપના સાથ અને સહકાર તથા સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહિયારા પ્રયત્નથી ગુજરાતમાં સંપૂર્ણ નશામુક્ત સમાજની રચના કરી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપવા રાજ્યના સર્વે નાગરિકોને નમ્ર અપીલ કરૂ છું.

ગૃહ રાજ્યમંત્રી, ગુજરાત રાજ્ય